ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૮ ટકા

# શહેરમાં શિયાળાના વસાણાનું આગમન

## શિયાળુ વસાણામાં ૧૦% ભાવ વધારો થયો : ૫૨૦ થી ૧૦૦૦ રૂપિયા કિલોના ભાવમાં વસાણાનું વેચાણ





ગાંધી.તા.૨૨

શિયાળો શરૂ થતાં જ લોકોએ શિયાળાની ખાસ વાનગી બનાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. શિયાળાની ખાસ વાનગી એટલે ઈમ્યુનિટી વધારતા સ્વાસ્થયવર્ધક વસાણા. શહેરમાં વિવિધ પ્રકારના વસાણા નું વેચાણ શરૂ થઈ ચૂક્યું છે. ગાંધીનગરની જાણીતી રાધે સ્વીટ એન્ડ નમકીન ના વિપુલભાઈ સુખડીયા ના જણાવ્યા મુજબ આ વર્ષે સાલમ પાક ૯૨૦ રૂપિયા કિલો, અડદિયા ૭૦૦ રૂપિયા કિલો, સુગર ફ્રી અડદિયા ૧૦૦૦ રૂપિયા કિલો, મેથી ના લાડુ ૬૬૦ રૂપિયા કિલો, સુગર લેસ મેથી લાડુ ૧૦૦૦ રૂપિયા કિલો, ગુંદના લાડુ ૬૬૦ રૂપિયા કિલો, ખજૂર પાક ૯૦૦ રૂપિયા કિલો, બદામ પાક ૮૦૦ રૂપિયા કિલો, ડ્રાય ફ્રુટ અને કોકોનટ લાડુ ૬૮૦ રૂપિયા કિલો ભાવ ચાલી રહ્યો છે. સ્વાસ્થ્ય પ્રેમી લોકો માટે શિયાળાની ઋતુએ આરોગ્ય અને શક્તિનો સંચય કરવાની ઋતુ છે. જોકે સ્વાસ્થ્ય પ્રેમી માટે તો બારેમાસ આરોગ્ય અને શક્તિ સંચય કરવાની ઋતુ છે. કસરત કરવાથી શરીર ચોક્કસથી કસાય છે અને સાથે જ શિયાળુ ખોરાક લેવાથી ઉનાળા અને ચોમાસાની ઋતુઓમાં પણ શારીરિક સુખાકારી જળવાઈ રહે છે. જેથી લોકો શિયાળામાં ખાવા માટે ખાસ વસાણીની વિવિધ વાનગીઓ તૈયાર કરે છે. જો કે

### આ વર્ષે વસાણાના ભાવમાં ૧૦%નો ભાવ વધારો:

| | |
|---|---|
| સાલમ પાક | - ૯૨૦ રૂપિયા કિલો |
| અડદિયા | - ૭૦૦ રૂપિયા કિલો |
| સુગર ફ્રી અડદિયા | - ૧૦૦૦ રૂપિયા કિલો |
| મેથી ના લાડુ | - ૬૬૦ રૂપિયા કિલો |
| સુગર લેસ મેથી લાડુ | - ૧૦૦૦ રૂપિયા કિલો |
| ગુંદના લાડુ | - ૬૬૦ રૂપિયા કિલો |
| ખજૂર પાક | - ૯૦૦ રૂપિયા કિલો |
| બદામ પાક | - ૮૦૦ રૂપિયા કિલો |
| ડ્રાય ફ્રુટ અને કોકોનટ લાડુ | - ૬૮૦ રૂપિયા કિલો |

### પહેલાંના સમયમાં આ વસાણા ઘરમાં બનતા

ઠંડીનો માહોલ હવે ધીરે ધીરે જામવા લાગ્યો છે. લોકો પણ થોડા દિવસોથી ઠંડકનો અહેસાસ કરવા લાગ્યા છે. શિયાળાની શરૂઆતની સાથે દર વર્ષની જેમ ઠંડીમાં સ્વાસ્થ્ય જળવાઈ રહે અને શરીરમાં ગરમીનું પ્રમાણ બની રહે તે માટે કેટલાક લોકોએ તો વસાણા ખાવાની શરૂઆત પણ કરી દીધી છે. શિયાળામાં વર્ષોથી આપણા દાદા-પરદાદાના સમયથી વસાણા બનાવવામાં આવતાં હતા. વસાણા ખાવા પાછળના પણ તેમના અલગ કારણો હતા.

જેમ કે શિયાળામાં ઠંડીની સામે રક્ષણ મળી રહે છે અને સ્વાસ્થ્ય પણ સારું રહે છે. પહેલાંના સમયમાં આ વસાણા ઘરમાં બનતા હતા. પરંતુ હવે સમયના અભાવે અને મોંઘવારીના કારણે લોકો વસાણા ઘરે નથી બનાવતા તેઓ તૈયાર લેવાનું જ પસંદ કરે છે. જો કે હજુ પણ કેટલાક ઘરોમાં જાતે જ વસાણા બનાવવામાં આવે છે. શિયાળામાં ખાસ કરીને સાલમપાક, ગુંદરપાક અને મેથીના લાડું લોકોને ખુબ ભાવતા હોય છે. આયુર્વેદના મતે મેથી શરીર માટે સારી છે. આ વસાણા ખાવાથી શરદી થતી નથી તેમજ શરીરને પણ મજબૂતી મળી રહે છે.

આ પરંપરા વર્ષો જૂની છે. અડદિયાપાક, ખજૂરપાક, ગુંદરપાક, મેથીપાક, કચરિયું, તલની સાની, ચીકી, તલપાક, મગફળીપાક, દાળિયાપાક, તલ-મમરાના લાડુ, કાટલું, બત્રીસુ વગેરે શિયાળુપાકો છે. કદાચ શિયાળુપાક બનાવવા અને ખાવામાં ગુજરાતી પ્રજા જેટલો રસ અન્ય કોઈ પ્રજાને નહીં હોય. આપણા પૂર્વજો અને વડીલોએ શિયાળા માટેની કેટલીક ખાસ વાનગીઓ તૈયાર કરી છે. જેમાં લોકો વિવિધ અન્ટ સામાગ્રી ઉમેરીને આજના સમયપ્રમાણે નવા રંગરૂપ સાથે બનાવીને ખાય છે. જેના સેવનથી તંદુરસ્તી લાંબો સમય જળવાય, શરીર ઠંડીનો સામનો કરી શકે અને શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે. મરી, સૂંઠ, તજ, લવિંગ વગેરે જેવાં ઔષધિય તત્ત્વોના ઉપયોગથી બનતી વાનગીઓને આપણે શિયાળુપાક તરીકે ઓળખીએ છીએ. સાથે જ આ ઔષધિય તત્ત્વોમાંથી વિટામીન મળી રહે છે. મેથીપાક, ગુંદરપાક, ખજુરપાક, અડદીયા, મલાઈ ઘારી, અડદિયાપાક, ખજૂરપાક, ગુંદરપાક, મેથીપાક, કચરિયું, તલની સાની, ચીકી, તલપાક, મગફળીપાક, દાળિયાપાક, તલ-મમરાના લાડુ, કાટલું, બત્રીસુની ડિમાન્ડ પણ વધારે હોય છે. જોકે અડદિયાપાક સૌથી વધુ પ્રચલિત શિયાળુપાક છે. ચીકી આમ તો મુખ્યત્વે સિંગદાણા, તલ અને દાળિયાની બને અને મોટાભાગે ગોળમાં બને. ડ્રાયફ્રૂટ, કાજુ, બદામ, દ્રાક્ષ, ખજૂરની ચીકી પણ બને છે.

બાળકો આવા પાક ખાવા તૈયાર નથી થતાં. માટે તેમની માટે ખાસ ડ્રાયફ્રૂટના લાડુ બનાવવામાં આવે છે.

ઉપરાંત તલ, ખજૂર જેવી વસ્તુઓ મિક્સ કરીને પણ જુદા-જુદા આકારમાં તેમને પાક બનાવી આપવામાં આવે તો તે સહેલાઈથી ખાઈ લે છે.

## જન્મદિને વધામણી




ઉમંગ બારોટ
માહિતી મદદનીશ, ગાંધીનગર
મો. ૯૬૦૧૫ ૩૫૪૦૪



જય દિલીપભાઈ પ્રજાપતિ
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦



છાયા જે ઘેડીયા
મો. ૮૦૦૦૭ ૭૯૨૪૬



કમલેશ મકવાણા



પૃથ્વીરાજ યુવરાજ રાઠોડ



અક્ષતરાજ ધીરૂભાઈ ઝાલા

---

ગુજરાત વિધાનસભા ચૂંટણી 'અવસર લોકશાહીનો' અંતર્ગત

# આજે જિલ્લામાં મતદારોને જાગૃત કરવા માટે સહી ઝુંબેશ કાર્યક્રમ

### યુવા મતદારોને લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનાવવા જિલ્લાની ૧૮ કોલેજોમાં સહી ઝુંબેશનો ખાસ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

'અવસર લોકશાહીનો' અંતર્ગત ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં મતદાન જાગૃત્તિ અર્થે સહી ઝુંબેશ યોજવાનું આયોજન જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જિલ્લાનાં ૨૫૦ સ્થળો ખાતે આ સહી ઝુંબેશ યોજાશે. જિલ્લાના યુવાનો મોટી સંખ્યામાં મતદાન જાગૃત્તિની સહી ઝુંબેશમાં સહભાગી બને તે માટે ૧૮ કોલેજોમાં પણ આ કાર્યક્રમ યોજાશે.

ચૂંટણી પંચ દ્વારા લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણી પ્રક્રિયામાં વધુમાં વધુ સંખ્યામાં નાગરિકો સહભાગી બને તેવા ઉમદા આશયથી 'અવસર લોકશાહીનો' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. લોકશાહીના આ અવસરની ભવ્યાતિભવ્ય ઉજવણી મતદાન થકી જ કરી શકાય છે. અવસર લોકશાહીનો સાચા અર્થમાં સાર્થક કરવા માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં જ્યાં મતદાન ઓછું થયું હતું, તેવાં સ્થળો ખાતે 'અવસર રથ' થકી મતદારોને જાગૃત્ત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, જિલ્લામાં મતદારોને જાગૃત કરવા માટે કાર્યરત સ્વીપની કામગીરી અંતર્ગત આવતીકાલ તા. ૨૩મી નવેમ્બરના રોજ સહી ઝુંબેશ કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમ જિલ્લાના ૨૫૦ જાહેર સ્થળો ખાતે યોજાશે. જેમાં જિલ્લાના ૫૫ મતદાન બુથ કે જ્યાં મતદાન ઓછું થયું હતું ત્યાં આ કાર્યક્રમનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. તેની સાથે આ કાર્યક્રમ થકી યુવાઓ મતદાન કરવા પ્રેરાય અને મોટી સંખ્યામાં મતદાન કરીને અવસર લોકશાહીને સાચા અર્થમાં સાર્થક કરે તે માટે જિલ્લાની ૧૮ કોલેજોમાં પણ આ કાર્યક્રમ યોજાનાર છે. તદુપરાંત, જિલ્લાના નક્કી થયેલાં જાહેર સ્થળો અને એસ.ટી. ડેપો ખાતે પણ આ કાર્યક્રમ યોજવામાં આવશે. 'હું વોટ કરીશ...' તે અંગેની જાગૃત્તિ આવે તેવા ઉમદા ભાવ સાથે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ આ અંગેની સુચારું વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ સહી ઝુંબેશ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મતદારો સહભાગી બને તે માટે પાંચેય વિધાનસભા મતદાર વિભાગમાં જરૂરી આયોજન કરવામાં આવ્યું છે.

# સિ.સિ.કા. દ્વારા કાઉન્સિલના વરિષ્ઠ સભ્યોનું સન્માન કરવામાં આવશે

ગાંધીનગર તા.૨૨

સિનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા સભ્યોનું અમૃત મહોત્સવ નિમિત્તે ૭૦ વર્ષ પૂર્ણ કરનાર બહેનો, ૭૫ વર્ષ પૂર્ણ કરનાર ભાઈઓ તથા ૯૦ વર્ષ પૂર્ણ કરનાર વરિષ્ઠ સભ્યોનું સન્માન કરવામાં આવે છે જે માટેની માહિતી સેવાયજ્ઞ મુખપત્રમાં આપવામાં આવી છે. ઉપરાંત જે સભ્યોનું સન્માન કરવામાં આવનાર છે તેઓનું પત્રથી વ્યક્તિગત જાણ કરવામાં પણ આવી છે. આ કાર્યક્રમમાં જે સભ્યો ઉપસ્થિત રહેવાના હોય તેઓએ મંત્રી અક્ષયભાઈ રાણા મો : ૯૯૨૪૧ ૦૪૨૫૦ ઉપર જાણ કરવા અનુરોધ કરાયો છે જેથી કાર્યક્રમનું આયોજન સુચારુ રીતે થઈ શકે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

# કિંકર્તવ્યમૂઢ પુસ્તક વિમોચન પ્રસંગે યુવાનોથી હોલ ખીચોખીચ ભરાયો.!



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સાહિત્યસભા અને નવભારત સાહિત્ય મંદિર દ્વારા આયોજિત "કિંકર્તવ્યમૂઢ" નવલકથા વિમોચન પ્રસંગે આઈઆઈટીઈ હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ગુજરાત સરકારના કલાઈમેટ ચેન્જ વિભાગમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા અને યુવાનોને મોટિવેશનલ સ્પિકર તરીકે સેવા આપતા યુવા લેખક અને ફેસબુક સેલિબ્રિટી કુણાલ ગઢવીના પ્રથમ પુસ્તક 'કિંકર્તવ્યમૂઢ'ના વિમોચનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહેમાન ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા, જાણીતા સાહિત્યકાર બેલડી કૃષ્ણકાન્ત ઉનડકટ - જ્યોતિ ઉનડકટ, ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત અને યુવા લેખક અંકિત દેસાઈ દ્વારા દિપ પ્રાગટય કરી કરવામાં આવ્યો હતો. સંદેશના કોલમ રાઈટર કૃષ્ણકાન્ત ઉનડકટે વાર્તાઓ દ્વારા સરસ વાતો કરી તો અંકિત દેસાઈએ યુવાનોને સોશિયલ મીડિયા કનેક્શનની વાત કરી હતી.

# જે.એમ. ચૌધરીના વિદ્યાર્થીઓ ફેન્સિંગ સ્પર્ધામાં ચેમ્પિયન બન્યા



સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ભોલેશ્વર, હિંમતનગર ખાતે ફેન્સિંગ ગર્લ્સ ઈન્ટર ડીએલએસએસ લીગનું આયોજન કવામાં આવ્યું હતું. જેમા જે.એમ. ચૌધરી સાર્વજનીક કન્યા વિદ્યાલય, ડીએલએસએસ ગાધીનગરના ફેન્સિંગ ખેલાડીઓએ ૭ ગોલ્ડ મેડલ ૬ સિલ્વર મેડલ અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવીને સ્પર્ધામા ચેમ્પિયન બન્યા છે. અંડર ૧૯ બહેનોની સેબર ઈવેન્ટમાં ચૌધરી શિલ્પાએ ગોલ્ડ મેડલ અને ચૌધરી દિશા એ સિલ્વર મેડલ, ફોઈલ ઈવેન્ટમા પુવાર ધારીણીએ ગોલ્ડ મેડલ અને મરતોલિયા ગોપીએ બ્રોન્ઝ મેડલ, ઈપી ઈવેન્ટમા પટેલ અર્ચિતા એ ગોલ્ડ મેડલ અને લખતરિયા યશ્વીએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. અંડર ૧૭ બહેનોની ઈપી ઈવેન્ટમાં દાવડા પ્રિયલ એ ગોલ્ડ મેડલ અને ચૌધરી અમીષા એ સિલ્વર મેડલ, ફોઈલ ઈવેન્ટમાં વાઘેલા જાનવીબાએ ગોલ્ડ મેડલ અને ચૌધરી ધારા એ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. તેમજ અંડર ૧૪ બહેનોની સેબર ઈવેન્ટમાં રિંકલ ચૌધરી એ ગોલ્ડ મેડલ અને પારઘી દિશા એ સિલ્વર મેડલ, ઈપી ઈવેન્ટમાં મેર એકતાએ બ્રોન્ઝ મેડલ ફોઈલ ઈવેન્ટમાં માળી દિયાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. ખેલાડીઓ કિજલબેન ઠાકોર, પાર્વતીબેન ઠાકોર અને હાર્દિક ઠાકોરના માર્ગદર્શન હેઠળ ફેન્સીગ રમતની તાલીમ મેળવી છે. વિજેતા ખેલાડીઓ અને કોચને એમેચ્યોર ફેન્સીગ એસોસીએશનના મહામંત્રી ભરતજી ઠાકોરએ અભિનંદન પાઠવ્યા હતા.

# ગ્રીન પ્લાનેટ દ્વારા મુક્તજીવન સ્વામીબાપા ફોરેસ્ટ પાર્ક ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ



ભગવતપ્રિયદાસ સ્વામીએ જણાવ્યું હતું કે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના સહયોગથી ગ્રીન પ્લાનેટ ઈન્ટરનેશનલ દ્વારા અબોલા પક્ષીઓના જતન માટે માળા, વૃક્ષોનું જતન, પર્યાવરણ બચાવો ઝુંબેશ, વૃક્ષવેલીના જતનથી ઓક્સિજન પણ મળે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના "શિક્ષાપત્રી" ના આદેશ અનુસાર સર્વ જીવ હિતાવહનું પાલન કરવામાં આવે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનને વન, પર્વત, નદી, નાળા, તળાવ, દરિયા કિનારો ખૂબ જ પ્રિય હતાં. વૃક્ષોમાં પીપળો ચોવીસ કલાક શુધ્ધ પ્રાણવાયુ આપે છે. કેનેડા વિગેરે વિદેશોમાં પણ આ સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાતા રહે છે. આ કાર્યક્રમમાં વરિષ્ઠ સંતમંડળ તથા પ્રકૃતિપ્રેમીઓ હરિભક્તો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મતદાન જાગૃતિના વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

આજની યુવા પેઢી વધુમાં વધુ મતદાન કરે એ માટે પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ અને ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ દ્વારા આગામી તા. ૨૭/૧૧/૨૦૨૨, રવિવાર ના દિવસે સવારે ૮:૦૦ કલાકે, પ્લોટ નં. ૪૭૯/૧, સેક્ટર-૧૩/એ ખાતે મતદાન જાગૃતિ ના વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે તો ભાગ લેવા માટે ઈચ્છુક બાળકોએ પોતાનું નામ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૯૬૨૪૦૪૦૯૩૫ પર રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ સંસ્થા દ્વારા જણાવવામાં આવેલ છે. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આવનારને આયોજકો દ્વારા પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવશે તથા ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવશે.

# મતદાન કરનાર પ્રત્યેકને મહેન્દ્રકાકા દ્વારા નિ:શુલ્ક કાવો પીવડાવાશે

ગાંધીનગર, તા.૨૨

લોકશાહીને વધુ મજબૂત બનાવે તેવા પ્રયાસો ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગરના મહેન્દ્રકાકાએ પણ મતદાન જાગૃતિ માટે અનોખું અભિયાન હાથ ધર્યું છે. ગાંધીનગરમાં સોડા શોપ ચલાવતા મહેન્દ્રકાકા મતદાન કરનાર દરેક નાગરિકને નિ:શુલ્ક કાવો પીવડાવીને આ મહાપર્વમાં નાનું પણ નોંધપાત્ર યોગદાન આપશે. મૂળ વિરમગામના વતની અને છેલ્લાં ૧૨ વર્ષથી ગાંધીનગરમાં સ્થાયી થયેલા ૬૨ વર્ષીય મહેન્દ્રભાઈ જયસ્વાલ જણાવે છે કે 'હું પોતે અચૂક મતદાન કરું છુ અને મારા પરિવારના સભ્યો પણ પોતાની આ ફરજ નિભાવે તેના માટે તેમને પ્રોત્સાહિત કરું છું. તે જ રીતે મતદાન કરવું એ આપણી પણ પવિત્ર ફરજનો એક ભાગ જ છે. આથી પ્રત્યેક નાગરિકે અવશ્ય મતદાન કરવું જોઈએ.' ઉલ્લેખનીય છે કે, મહેન્દ્રકાકાના હુલામણા નામે જાણીતા મહેન્દ્રભાઈ ગાંધીનગરના ઘ-૨ વિસ્તારમાં સોડા શોપ અને કાવાનો વ્યવસાય કરે છે. તેમણે ગાંધીનગર મામલતદારને પત્ર લખીને રજૂઆત કરી છે કે રાષ્ટ્રહિતમાં મતદાન કરનાર પ્રત્યેક જાગૃત મતદારને તેઓ વિનામૂલ્યે કાવો પીવડાવીને મતદાર જાગૃત્તિ અભિયાનમાં સહભાગી થવાની તૈયારી દર્શાવી છે. દરેક જાગૃત નાગરિકને તેમના તરફથી મતદાનના દિવસે સવારે ૭:૩૦થી રાત્રે ૧૧:૦૦ કલાક સુધી ઘ-૨ સર્કલ ખાતેના તેમના ગલ્લા પરથી નિ:શુલ્ક કાવાનું વિતરણ કરવામાં આવશે. હાથ પર મતદાનનું નિશાન બતાવીને કોઈ પણ નાગરિક આનો લાભ લઈ શકશે.




# મનોજ શુક્લનો પ્રવચનોનું વાપી અને નવસારી ખાતે આયોજન

ગુજરાત રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીનાં નિવૃત સહાયક નિયામક અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કલ્ચરલ એડવાઈઝર તેમજ જાણીતા લેખક અને વકતા મનોજ શુકલના બે પ્રવચન ગુજરાતના સર્વમાન્ય કેળવણીકાર, ભાવનગર દક્ષિણામૂર્તિ, લોકભારતી, સણોસરાના સ્થાપક નાનાભાઈ ભટ્ટની જીવનકથા "ઘડતર અને ચણતર" ઉપર તારીખ ૨૫ ને શુક્રવારે સાંજે ૬: ૩૦ વાગ્યે મેરિલ એકેડેમી, મુક્તાનંદ માર્ગ, ચલા, વાપી ખાતે વાપીની સાહિત્યિક સંસ્થા 'બુક્સ અનલિમિટેડના ઉપક્રમે અને તારીખ ૨૬ને શનિવાર સાંજે ૬:૦૦ વાગ્યે સયાજી વૈભવ લાઈબ્રેરી, નવસારી મુકામે સયાજી વૈભવ લાઈબ્રેરી દ્વારા યોજાયા છે.આ ઉપરાંત તા.૨૭ મી નવેમ્બરે વાપીમાં યોજાયેલા એક ગરબા મહોત્સવમાં મનોજ મ. શુક્લ અતિથિવિશેષ તરીકે પણ હાજરી આપી મહોત્સવનો પ્રારંભ કરાવશે.



વલ્ડ હેરિટેજની ઉજવણી અને આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી વિશ્વ ફલક ઉપર થઈ રહી છે. ત્યારે અમદાવાદના હસ્તકલાના કસબી મુકેશ પંડયાએ શહેરની શાન એવા ત્રણ દરવાજાની પ્રતિકૃતિને અદભુત રીતે કંડારવાનો પ્રયાસ કર્યો છે. પેપરઆર્ટના માધ્યમથી આ કલાકારે અહી આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે ત્રિરંગાને પણ ત્રણ દરવાજામાં અદભુત રીતે દર્શાવેલ છે. અગાઉ આ કલાકાર સીદી સૈયદની જાળીને પણ પેપર ક્રાફટમાં અનોખી રીતે દર્શાવી ચૂકેલ છે.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.નાયક શ્રીકાંત ગુણવંતલાલ** ઉ.વ.૬૮, સેકટર-૮
- **સ્વ.વાઘેલા ભમરબેન પ્રતાપજી** ઉ.વ.૭૩, ધણપ
- **સ્વ.રાજપુત હરેશકુમાર ગજાનંદ** ઉ.વ.૬૯, સેકટર-૪
- **સ્વ.પટેલ શારદાબેન જેઠાભાઈ** ઉ.વ.૮૦, સેકટર-૩૦
- **સ્વ.વાઘરી વિનુભાઈ ઘુરાભાઈ** ઉ.વ.૩૯, સેકટર-૨૫